# નવમો આંતર પોલિટેકનિક રમોત્સવ – ૨૦૧૯ કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસો ખાતે યોજાયો

કૃષિ પોલિટેકનિક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસોના યજમાન પદ હેઠળ નવમો આંતર પોલિટેકનિક રમોત્સવ – ૨૦૧૯ તારીખ ૨૧ – ૨૨ નવેમ્બર, ૨૦૧૯ ના રોજ યોજવામાં આવેલ હતો. આ રમોત્સવમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની પાંચ પોલિટેકનિકના કુલ ૧૧૮ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ વોલીબોલ, ખો-ખો, ટેબલ ટેનિસ અને ચેસની રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.

આ રમોત્સવનું ઉદ્ઘાટન આ પ્રસંગના અધ્યક્ષ અને માનનીય કુલપતીશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ડૉ. આર. વી. વ્યાસ તથા મુખ્ય મહેમાન ડૉ. ડી. એચ. પટેલ, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓ, આણંદ ના વરદ હસ્તે તા. ૨૧ નવેમ્બર, ૨૦૧૯ ના રોજ સવારે ૯:૦૦ કલાકે દીપ પ્રગટાવીને કરવામાં આવેલ. આ પ્રસંગે કૃષિ મહાવિદ્યાલય -વ- કૃષિ પોલિટેકનિક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો ના આચાર્ય અને યુનિટ વડાશ્રી, ડૉ. વાય. એમ. શુક્લે સૌનું શાબ્દિક તેમજ પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ હતું. વિશેષમાં આ પ્રસંગે પોલિટેકનિકના આચાર્યશ્રીઓ, તેમના પ્રતિનિધિઓ, એસઆરસી ચેરમેનશ્રીઓ અને ટીમ મેનેજરશ્રીઓ હાજર રહ્યા હતા. આ ઉદ્ઘાટન પ્રસંગે માનનીય કુલપતિશ્રી ડૉ. આર. વી. વ્યાસ સાહેબે પ્રમુખ સ્થાનેથી વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે રમતોની જીવનમાં અગત્યતા અને તેમાંથી શીખવા જેવી બાબતો અંગે પ્રેરણારૂપી પ્રવચન તથા તેમના વિદ્યાર્થીકાળના સંસ્મરણો તાજા કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ. વધુમાં નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, આણંદ ડૉ. ડી. એચ. પટેલ તથા આ પ્રસંગના મુખ્ય મહેમાને પણ રમતોથી થતા શારીરીક અને માનસીક ઘડતર વિષે પ્રવચન આપેલ. સમગ્ર રમતોત્સવ દરમ્યાન ઉદઘોસક અને ઉદઘાટન સમારંભ પૂર્ણ થતાં આમંત્રિત મહેમાનોની આભારવિધિ ડૉ. એચ. સી. પટેલ, ચેરમેનશ્રી એસ.આર.સી., કૃષિ પોલિટેકનિક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો એ કર્યું હતું.

નવમો આંતર પોલિટેકનિક રમતોત્સવ-૨૦૧૯ માં વિવિધ રમતોમાં ખો-ખો, ટેબલ ટેનિસ અને ચેસમાં શેઠ મ. છ. કૃષિ પોલિટેકનિક, આકૃયુ, આણંદ ની ટીમ વિજેતા અને કૃષિ પોલિટેકનિક, આકૃયુ, વસોની ટીમ રનર્સ-અપ રહેલ હતી. જ્યારે વોલીબોલ રમતમાં કૃષિ ઈજનેરી પોલિટેકનિક, દાહોદની ટીમ વિજેતા અને શેઠ મ. છ. કૃષિ પોલિટેકનિક, આકૃયુ, આણંદની ટીમ રનર્સ-અપ રહેલ હતી. ઓવરઓલ ચારેય રમતોમાં શેઠ મ. છ. પોલિટેકનિક, આણંદ જનરલ ચેમ્પિયન બની હતી. જ્યારે કૃષિ પોલિટેકનિક, વસો જનરલ રનર્સ-અપ બનેલ હતી.


AAU
INTER-POLYTECHNIC SPORTS
November 21 - 22, 2019
:: Organized by ::
POLYTECHNIC IN AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY, VASO – 387 380
Dr. Dinesh Patel
Dr. R. V. Vyas
Dr. Y. M. Shukla








S.M.C.P.




10
D.UMESH
24




KHER
14
S.M.C.P.A
METCO


15
08
ARPIT


INTER-POLYTECHNIC SPORTS
Organized by :